પ્રશ્નપત્રના વિકલ્પ બરાબર સમજી લો. વિકલ્પ પસંદ કરી નક્કી કરી લો.

(૯) પ્રશ્નપત્રમાં આપેલ સૂચનાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરો અને જવાબ લખતી વેળા પૂરતી કાળજી રાખો. કયો પ્રશ્ન કેટલો સમય લેશે તેનું ચિંતન કરો. સરળ લાગતા પ્રશ્નો સૌથી પહેલા લખો.

(૧૦) પ્રશ્નના ફાળવેલ ગુણ પ્રમાણે સમયની ફાળવણી કરો. હેતુલક્ષી પ્રશ્નો માટે સમય ઓછો ફાળવો.

(૧૧) પ્રશ્નના પ્રકાર તથા તેના ગુણ મુજબ જવાબ લખો. મુદ્દાસર તથા ટૂંકનોંધ લખવામાં ફરક જરૂરી. જેટલું આવડે તેટલું બધું જ લખી નાખવું જરૂરી પણ નથી તથા હિતાવહ પણ નથી.

(૧૨) ઉત્તરવહીમાં બંને બાજુ માર્જિન છોડવું જરૂરી છે, જેથી સ્વચ્છતા જળવાય.

(૧૩) ઉત્તરવહીમાં આખા પ્રશ્નો ન લખતાં ફક્ત પ્રશ્નનો સાચો ક્રમ લખો. પેટા પ્રશ્ન હોય તો સાચો નંબર પેટા પ્રશ્નનો લખો. પ્રશ્નોના ઉત્તરમાં શબ્દોની મર્યાદા આપેલ હોય તો તે જાળવો.

(૧૪) દરેક પ્રશ્નને સરખું મહત્વ આપો અને દરેક પ્રશ્નોના ઉત્તર આપવાનો આગ્રહ રાખો. લખવામાં ઝડપ જરૂરી.

(૧૫) પ્રશ્નના જવાબ લખતી વખતે જવાબનો કોઈ મુદ્દો ભૂલાઈ જાય અને તાત્કાલિક યાદ ન આવે તો ઉત્તરવહીમાં તેના માટે થોડી જગ્યા છોડી દેવી અને આખું પ્રશ્નપત્ર પુરું થઈ ગયા બાદ ફરી યાદ કરી લખવાનો પ્રયત્ન કરો.

(૧૬) તમામ પ્રશ્નોના જવાબ લખવાનો આગ્રહ રાખો.

(૧૭) સચોટ અને પ્રભાવશાળી લખાણ જરૂરી છે. જરૂર જણાય ત્યાં રૂઢિપ્રયોગ, કહેવત, સૂત્ર કે પછી આકૃતિ દોરવાનો આગ્રહ રાખો. અગત્યના મુદ્દાની નીચે લીટી દોરી શકાય. લાલ કે લીલી પેન કે પેન્સિલનો ઉપયોગ ક્યારેય ન કરો.

(૧૮) ભાષાનાં પ્રશ્નપત્રનાં વિરામચિન્હો તથા સાચી જોડણીનો ખ્યાલ રાખો. સુંદર, મરોડદાર અક્ષર, સ્પષ્ટ ભાષા જરૂરી છે. બને ત્યાં સુધી ચેક-ચાક કરવાથી દૂર રહેવું.

(૧૯) પ્રશ્નપત્રમાં જવાબ લખતી વેળા પરીક્ષાનાં સમયે) આમતેમ જોઈ મનને ડામાડોળ ન કરવું. પ્રશ્નપત્ર અઘરું જણાય તો શક્ય હોય કે પ્રશ્નો અઘરા હશે, ટ્વીસ્ટ કરીને પુછ્યા હશે, તેમ માનીને જવાબ લખવામાં મન પરોવવું.

(૨૦) નક્કી કરેલા પ્રશ્નોના જવાબ આપવામાં પૂરતો સમય મળવો જરૂરી છે. જો સમય તમારી ગણતરી કરતાં વધુ અમુક પ્રશ્નોના જવાબમાં વ્યતિત થઈ જાય તો વિકલ્પવાળા પ્રશ્નોમાં બાકીના પ્રશ્નોમાં પસંદગી કરી જરૂરી ફેરફાર કરો.

(૨૧) ઉત્તરવહીમાં એક પાન બાકી હોય તો સપ્લીમેન્ટરી માંગી લો.

(૨૨) મુખ્ય સપ્લીમેન્ટરી સાથે અન્ય સપ્લીમેન્ટરી બાંધવાનો આગ્રહ રાખો. સપ્લીમેન્ટરીમાં બેઠક નંબર તથા અન્ય વિગત પુરી લખાયેલ છે કે નહીં તે તપાસો. તે વિગત રીસીપ્ટમાં લખી લો. (સપ્લીમેન્ટરીનો નંબર)

(૨૩) અંતિમ પંદર મિનિટમાં લખેલ ઉત્તરો પર નજર નાંખી લો. ભૂલ હોય તો સુધરી શકે. અધુરા પ્રશ્નો પુરા કરવાનો પ્રયત્ન કરો.



Generated by CamScanner from intsig.com